## સંક્ષિપ્ત સમાચાર

### પાલોદ પોલીસ મથકે શાંતિ સમિતિની બેઠક મળી



ઈબ્રાહીમ કાનુ

હથોડા: મુસ્લિમ બિરાદરોના બકરી ઈદના તહેવારને શાંતિપૂર્ણ વાતાવરણમાં હેમખેમ પાર પાડવા માટે પાલોદ પોલીસ મથકે એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી. સુરત જિલ્લા નાયબ પોલીસ વડા વનારના અધ્યક્ષ સ્થાને મળેલી આ શાંતિ સમિતિની મિટિંગમાં હથોડા, ભાટકોલ, પાલોદ અને કીમ ચાર રસ્તા સહિતના આસપાસનાં ગામોના અગ્રણીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ બેઠકમાં DySP વનારે જણાવ્યું હતું કે, તમામ નાગરિકોએ નિયમ પ્રમાણે અને અન્ય કોઈને નડતરરૂપ ન થાય એ રીતે તહેવારની ઉજવણી કરવી જોઈએ. તેમણે લોકોને સોશિયલ મીડિયા કે અન્ય અફવાઓથી દૂર રહેવા અપીલ કરી હતી અને કોઈપણ જરૂરિયાત કે કટોકટીના સમયે તાત્કાલિક પાલોદ પોલીસ મથકનો સંપર્ક સાધવા જણાવ્યું હતું.

### માંડવીના ગોડસંબા ગામે અદ્યતન આરોગ્ય સબ-સેન્ટરનું ખાતમુહૂર્ત



હિતેશ પટેલ

માંડવી: માંડવીના ગોડસંબા ગામે અદ્યતન સુવિધાઓથી સજ્જ બનનારા નવા આરોગ્ય સબ-સેન્ટરના ખાતમુહૂર્ત કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જે આગામી દિવસોમાં સમગ્ર પંથકના આરોગ્ય માળખાને વધુ મજબૂત અને સક્ષમ બનાવશે. ગોડસંબા ગામનાં મહિલા સરપંચ સ્નેહલબેન રાઠોડ તથા તેમના પતિ અને પૂર્વ સરપંચ ગીરીશભાઈ રાઠોડ દ્વારા આરોગ્યની ગુણવત્તાયુક્ત સુવિધા ઊભી કરવા ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિને સક્રિય રજૂઆત કરવામાં આવી હતી. જેથી આ પ્રોજેક્ટ માટે રૂ.૫૦ લાખની માતબર રકમ મંજૂર કરાઈ છે. આ મંગલ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના નવનિયુક્ત સભ્ય નિરવભાઈ લાડના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અને મંત્રોચ્ચાર સાથે નૂતન સબ-સેન્ટરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ અવસરે માંડવી તા.પં.નાં સભ્ય રમીલાબેન શંકરભાઈ ચૌધરી, ગોડસંબાના સરપંચ સ્નેહલબેન રાઠોડ, પૂર્વ સરપંચ ગીરીશભાઈ રાઠોડ તેમજ આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### વ્યારાના જેતવાડી ગામે 23 વર્ષીય પરિણીતાનો આપઘાત

વ્યારા: વ્યારાના જેતવાડીમાં 23 વર્ષીય પરિણીતાએ આપઘાત કરી લેતાં પંથકમાં ચકચાર મચી ગઈ હતી. મળતી માહિતી મુજબ પ્રવીણાબેન દિલીપભાઈ ગામીત (ઉં.વ.23) (રહે.,જેતવાડી ગામ, નિશાળ ફળિયું, તા.વ્યારા)એ અગમ્ય કારણોસર ગતરોજ મધ્ય રાત્રિએ 2 વાગ્યાના અરસામાં પોતાના ઘરની પાછળ આંબાના ઝાડ પર ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જે અંગે પરિણીતાના પિતા દિલીપભાઈ રામાભાઈ ગામીતે વ્યારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પરિણીતાનાં લગ્ન ગત માર્ચ મહિનામાં આતીશભાઈ છગનભાઈ વસાવા (રહે.,મોટી બેડવાણ, ટીસી ફળિયું, તા.ચીકદા, જિ.નર્મદા) સાથે થયાં હતાં. પતિ આતીશ વસાવા ગત સોમવારે પત્ની પ્રવીણાબેન પિયર મૂકીને ગયો હતો. ત્યારે ગત રાત્રિના 2 વાગ્યે પ્રવીણાબેને અચાનક આત્મહત્યા કર્યાની લોકોમાં ચર્ચા ઊઠી છે.

### રાજપીપળામાં ટ્રકની ટક્કરે બાઇક સવાર પુત્રનું મોત: પિતા ઘાયલ

રાજપીપળા: રાજપીપળા જકાતનાકા પાસે શિવ શક્તિ હોટલ નજીક સાંજે ૭ વાગ્યાના અરસામાં બાઇક અને ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો. હરિશચંદ્ર અને તેમનો પુત્ર રુદ્રસિંહ મોટરસાઇકલ પર જઈ રહ્યા હતા, ત્યારે પાછળથી પૂરઝડપે આવતી ટ્રક નં.(DD 01 P 9688)એ બાઇકને ટક્કર મારી હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા પુત્ર રુદ્રસિંહનું રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું. જ્યારે પિતાને શરીરે ઇજા પહોંચી હતી. આ ઘટનામાં ટ્રકચાલક નાસી છૂટ્યો હતો. રાજપીપળા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કામરેજમાં નકલી ઘીનું રેકેટ ઝડપાયું

**આરાધ્યા** માર્કેટિંગ એન્ડ ડેરી પ્રોડક્ટ્સના નામે ચાલતો હતો કાળો કારોબાર

**પામ** ઓઈલ અને વનસ્પતિ તેલમાંથી બનતું ‘ગાયનું શુદ્ધ ઘી’

**હર** ગૃહિણી કી પસંદ પ્યોર એન્ડ ફ્રેસ માલવ પ્રિમિયમ પ્યોર ઘીના નામ વેચાણ કરાતું હતું

**રૂ.3** લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત, સેમ્પલ લેબોરેટરીમાં મોકલાયાં

પલસાણા: સુરત ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે કામરેજના નવાગામમાં એક ગોડાઉન પર દરોડો પાડી ગ્રાહકોનાં સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતાં નકલી ઘીના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. નવાગામ ઉદ્યોગનગર પ્લોટ નં.૧૫ ખાતે કાર્યરત ‘આરાધ્યા માર્કેટિંગ એન્ડ ડેરી પ્રોડક્ટ્સ’ નામના એકમમાં પામ ઓઈલ અને વનસ્પતિ તેલનું મિશ્રણ કરી તેને ગાયનું શુદ્ધ ઘી તરીકે બજારમાં વેચવાનું કૌભાંડ ઝડપાયું છે. પોલીસે ઘટના સ્થળેથી વિવિધ સાધનો અને કાચો માલ મળી કુલ રૂ.૩,૦૧,૫૯૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસે રેડ દરમિયાન આ કાળા કારોબારના મુખ્ય સૂત્રધાર અને ગોડાઉન માલિક કિરણભાઈ ઈશ્વરભાઈ મોદી (ઉં.વ.૪૦) (રહે.,દિવ્યજ્યોત એપાર્ટમેન્ટ, સુમુલ ડેરી રોડ, કતારગામ, સુરત) ને રંગેહાથ ઝડપી લીધો હતો. આરોપીની પૂછપરછમાં સામે આવ્યું કે તેણે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગમાંથી ઘી બનાવવા માટેનું કાયદેસરનું લાઈસન્સ મેળવ્યું હતું. જો કે, આ લાઈસન્સના ઓથા હેઠળ તે ડેરી પ્રોડક્ટના બદલે પામ ઓઈલ અને વનસ્પતિ ઘીનો મોટો જથ્થો ભેગો કરીને પ્રોસેસ કરતો હતો અને તેને આકર્ષક પેકિંગમાં ગાયનું શુદ્ધ ઘી કહીને બજારમાં વેચતો હતો. હર ગૃહિણી કી પસંદ પ્યોર એન્ડ ફ્રેસ માલવ પ્રિમિયમ પ્યોર ઘીના નામ વેચાણ કરાતું હતું.






ઈલ્યાસ શેખ

એલ.સી.બી. પોલીસે સ્થળ પરથી નકલી ઘી બનાવવા માટે ઉપયોગમાં લેવાતી સામગ્રી અને મશીનરી જપ્ત કરી છે. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં ધ્રુવ રિફાઈન્ડ વનસ્પતિ તેલના ૧૫ કિગ્રાવાળા ૨૫ ડબ્બા જેની કિંમત રૂ. ૭૪,૨૫૦ છે અને ચાન્સેલર રિફાઈન્ડ પામ ઓઈલના ૭ ડબ્બા જેની કિંમત રૂ.૨૦,૭૮૦નો સમાવેશ થાય છે. આ સાથે પતરાના ડબ્બાઓમાં ભરેલ શંકાસ્પદ ઘીનો જથ્થો, ઈલેક્ટ્રિક મોટર સાથેનો બ્લેન્ડિંગ ટાંકો, સ્ટોરેજ ટાંકા અને ઘી બાળવાનું કેટલ મશીન પણ મળી આવ્યું છે. પેકિંગ માટે ઉપયોગમાં લેવાતું મેગ્નેટિક ઈન્ડક્શન સીલર, ટીન પેકિંગ મશીન, પાઉચ પેકિંગ મશીન, લેબલ પ્રિન્ટિંગ મશીન, ઓવન મશીન તેમજ આશરે ૨૦૦૦ નંગ ખાલી પ્લાસ્ટિક જાર અને ૧૭૦૦ નંગ ખાલી ઢાંકણાં પણ પોલીસે કબજે કર્યાં છે. દરોડા બાદ એલ.સી.બી. ટીમે તાત્કાલિક સુરત ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓને સ્થળ પર બોલાવ્યા હતા. ફૂડ વિભાગે શંકાસ્પદ ઘી અને તેલનાં જરૂરી સેમ્પલ મેળવી ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલી આપ્યાં છે. હાલમાં પોલીસે આ મામલે જાણવાજોગ રજિસ્ટર કરી આગળની તપાસ શરૂ કરી છે. લેબ રિપોર્ટ આવ્યા બાદ ભેળસેળિયા માફિયા સામે વધુ આકરી કાર્યવાહી કરાશે.

## પવિત્ર સંબંધ લજવાયો: ૧૫ વર્ષની પુત્રી પર સાવકા પિતાનો બળાત્કાર

**મોટા** બોરસરામાં સંબંધોને કલંકિત કરતી ઘટના, ત્રણ માસથી દુષ્કર્મ કરતો હતો

હથોડા: માંગરોળના મોટા બોરસરામાં સંબંધોને કલંકિત કરતી ઘટના પ્રકાશમાં આવી છે. ૧૫ વર્ષની સગીર દીકરી પર છેલ્લા ત્રણ મહિનાથી અવારનવાર બળાત્કાર ગુજારનાર નરાધમ સાવકા પિતા સામે પાલોદ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. પોલીસે નરાધમ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) અને પોક્સો (POCSO) એક્ટની કડક કલમો હેઠળ ગુનો નોંધી તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મૂળ ઉત્તર પ્રદેશ અને હાલ મોટા બોરસરા ગામે શ્રમિક મહિલા તેના બીજા પતિ રામજી રાજુ દીક્ષિત (ઉં.વ.૩૫) સાથે છ વર્ષથી રહે છે. જેના થકી એક દીકરી અને બે દીકરા છે. મહિલાની પ્રથમ લગ્નથી થયેલી ૧૫ વર્ષની સગીર પુત્રી પણ તેમની સાથે જ રહેતી હતી. આરોપી સાવકો પિતા છેલ્લા ત્રણ મહિનાથી સગીરાની મરજી વિરુદ્ધ તેની સાથે અવારનવાર દુષ્કર્મ આચરતો હતો. જો આ વાત કોઈને કહેશે તો ‘જાનથી મારી નાંખીશ’ તેવી ધમકી આપી તે સગીરાને ડરાવી રાખતો હતો.

ગત તારીખ ૨૫ મેના રોજ બપોરે જ્યારે સગીરાની માતા રૂમની બહાર બેઠી હતી, ત્યારે રૂમમાં સગીરાને એકલી જોઈ આરોપી રામજી દીક્ષિતે ફરી તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. આ ઘટનાથી અત્યંત ગભરાઈ ગયેલી સગીરાએ હિંમત ભેગી કરી રૂમની બહાર આવીને તેની માતાને સાવકા પિતાના કાળા કરતૂતોની સમગ્ર આપવીતી જણાવી દીધી હતી. પોતાની દીકરી પર સાવકા પિતા દ્વારા જ ગુજારવામાં આવતાં માતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. માતા તુરંત જ દીકરીને લઈ પાલોદ પોલીસ સ્ટેશન પહોંચી હતી અને નરાધમ પતિ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા તપાસ આદરી છે.

## કડોદરાની સોસાયટીમાં નજીવી બાબતે બે જૂથ બાખડતાં પથ્થરમારો

**વોશરૂમનો** દરવાજો તોડવાના આક્ષેપ સાથે બોલાચાલી, સામસામે ફરિયાદ

પલસાણા: કડોદરાની એક સોસાયટીના પાર્કિંગમાં નજીવી બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતાં બે પરિવાર વચ્ચે ધીંગાણું સર્જાયું હતું. આ મારામારીમાં પથ્થર અને ઢીકામુક્કીનો ઉપયોગ થતાં બે લોકોને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી છે. કડોદરા જીઆઈડીસી પોલીસ મથકે બંને પક્ષ તરફથી એકબીજા વિરુદ્ધ ગુનાહિત કલમો હેઠળ સામસામે ફરિયાદ નોંધાઈ છે.

પ્રથમ ફરિયાદ અનુસાર હરિહંત પાર્ક સોસાયટીના શ્રીજી પેલેસ બિલ્ડિંગમાં રહેતા અને ટ્રાન્સપોર્ટ કંપનીમાં ઈનચાર્જ તરીકે નોકરી કરતા પ્રિન્સ બ્રિજેશ શંકઠા પાંડેએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. તેમની બહેન પર વોશરૂમનો દરવાજો તોડવાનો ખોટો આક્ષેપ કરી પાડોશમાં રહેતો દિવ્યાંશુ મોરારી ઝા ઝઘડો કરી રહ્યો હતો. આ વિવાદ શાંત કરવા પ્રિન્સ પાંડે જ્યારે બિલ્ડિંગના પાર્કિંગમાં ગયા ત્યારે દિવ્યાંશુ અને તેના સગા-સંબંધીઓ રાજીવકુમાર ઝા, સત્યમ ઝા અને શિવમ ઝા એકદમ ઉશ્કેરાઈ ગયા હતા. આ ચારેય જણાએ ભેગા મળીને પ્રિન્સને ઢીકામુક્કીનો માર મારવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન વચ્ચે બચાવ કરવા પડેલા પ્રિન્સના પિતરાઈ ભાઈ અતુલ પાંડે અને કાકા યોગેશભાઈ પાંડે પર સત્યમ ઝાએ ત્યાં પડેલો પેવર બ્લોક ઝીંકી દીધો હતો. માથાના ભાગે ગંભીર ઈજા થતાં બંને લોહીલુહાણ થઈ ગયા હતા અને તેઓને તાત્કાલિક ચલથાણની સંજીવની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા, જ્યાં તેઓને માથામાં ટાંકા આવ્યા છે. પોલીસે આ મામલે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

સામે પક્ષે, દિવ્યાંશુની માતા અને શાળાના શિક્ષિકા રાણીબેન મોરારી નારાયણ ઝાએ પણ પ્રિન્સ પાંડે અને તેના ટ્રક ડ્રાઈવર દુષ્યંતકુમાર ચેતનભાઈ શર્મા વિરૂદ્ધ ક્રોસ ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ, પ્રિન્સ પાંડે અને તેનો ડ્રાઈવર દુષ્યંત શર્મા તેમના બિલ્ડિંગના ત્રીજા માળે પેસેજમાં આવ્યા હતા અને “તમે મારી બહેનને કેમ ગાળો આપો છો?” તેમ કહી દિવ્યાંશુ સાથે ઝપાઝપી કરવા લાગ્યા હતા. ત્યારબાદ બિલ્ડિંગના પાર્કિંગમાં પ્રિન્સ પાંડેએ રાણીબેનના પતિ મોરારી ઝા સાથે પણ ઉગ્ર બોલાચાલી કરી હતી. રાણીબેન અને તેમનો પુત્ર દિવ્યાંશુ જ્યારે પાર્કિંગમાં ગયા ત્યારે આરોપીઓએ ગાળો આપી દિવ્યાંશુને ઢીકામુક્કીનો માર માર્યો હોવાનો આક્ષેપ કરાયો છે. સોસાયટીના લોકો એકઠા થઈ જતાં બંને આરોપીઓ જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યાંથી ભાગી છૂટ્યા હતા. પોલીસે રાણીબેનની ફરિયાદના આધારે પ્રિન્સ પાંડે અને દુષ્યંત શર્મા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

## અંત્રોલીમાં કિશોરીએ એપાર્ટમેન્ટના પાંચમા માળેથી કૂદી જીવન ટુંકાવ્યું

પલસાણા: પલસાણાના અંત્રોલી ગામમાં આવેલી રામનગર સોસાયટીના એક કોમ્પ્લેક્સના પાંચમા માળેથી ૧૩ વર્ષની કિશોરીએ અગમ્ય કારણોસર પડતું મૂકી આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી ગઈ છે. ગંભીર ઈજા બાદ સારવાર દરમિયાન સ્મીમેર હોસ્પિટલમાં કિશોરીનું મોત નીપજ્યું છે.

મૂળ રાજસ્થાનના ફલોદીના પડાસલા ગામના વતની અને હાલ પલસાણાના અંત્રોલી ખાતે રામનગર સોસાયટીમાં આવેલા ‘શિવપેલેસ કોમ્પ્લેક્સ’ના ફ્લેટ નં.૧૦૭માં રહેતા માંગીલાલ જેઠારામ ચૌધરીની ૧૩ વર્ષીય પુત્રી માયા અભ્યાસ કરતી હતી. ગત તા.૨૫ મે-૨૦૨૬ના રોજ રાત્રિના આશરે સાડા નવેક વાગ્યાના અરસામાં માયાએ અજ્ઞાત કારણોસર પોતાના જ એપાર્ટમેન્ટના પાંચમા માળે ધાબા ઉપર જઈ ત્યાંથી નીચે કૂદી પડી હતી. ઉપરથી પટકાવાને કારણે કિશોરીને શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં તેને તાત્કાલિક પ્રાથમિક સારવાર માટે ચલથાણની સંજીવની હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. ત્યાંથી વધુ સારવાર અર્થે સુરતની એપલ હોસ્પિટલ અને ત્યારબાદ સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જો કે, ટૂંકી સારવાર બાદ ગઈકાલે તારીખ ૨૬ મે-૨૦૨૬ના રોજ બપોરે અઢી વાગ્યે ફરજ પરના ડો.સંજયભાઈએ તેને તપાસી મૃત જાહેર કરી હતી.

આ સમગ્ર મામલે મૃતક કિશોરીના પિતા માંગીલાલ ચૌધરીએ કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં જાહેરાત આપતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ કડોદરા GIDC પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. અશ્વિનભાઈ ચીમનભાઈ ચલાવી રહ્યા છે.

## જંબુસરનો ચીટિંગના ગુનાનો ફરાર આરોપી ઝડપાયો

ભરૂચ: ભરૂચ SOGને બાતમી મળી હતી કે, આરોપી હુશેન અહમદ અન્સારી કોલેજ રોડ પર આવેલી કમ્ફર્ટ હોટલમાં રોકાયેલો છે. ભરૂચ SOGની ટીમે હોટલમાંથી તેને ઝડપી પાડ્યો હતો. ઝડપાયેલા હુસેન અહમદ અબ્દુલ સહીદ અન્સારી (મૂળ રહે., ફ્લેટ નં. 06, મોમીન એપાર્ટમેન્ટ, બંદેવલીં હીલ રોડ, મકલાની ટાવર બાજુમાં, જોગેશ્વર (વેસ્ટ), મુંબઈ) સામે વર્ષ-2024માં જંબુસર પોલીસના કાર્ય વિસ્તારમાંથી છેતરપિંડીનો ગુનો નોંધાયેલો છે.

## બારડોલીની RNGPIT ગુજરાતનું પ્રથમ પ્રાઇવેટ એકેડેમિક ડેટા સેન્ટર ઊભું કરશે

બારડોલીઃ આજના ઝડપી બદલાતા ટેક્નોલોજીના યુગમાં AI, ડેટા સાયન્સ, ક્લાઉડ કોમ્પ્યુટિંગ, રોબોટિક્સ, સાયબર સિક્યુરિટી અને VFX જેવી ટેક્નોલોજીઓ સમગ્ર વિશ્વમાં નવી ક્રાંતિ સર્જી રહી છે. આવનારા સમયમાં આઈ.ટી. પાર્ક, સ્ટાર્ટઅપ અને વૈશ્વિક ઉદ્યોગોમાં AI આધારિત કુશળ યુવાનોની માંગ અત્યંત ઝડપથી વધવાની છે.

જેને ધ્યાનમાં રાખીને બારડોલીની સરદાર વલ્લભભાઈ પટેલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત આર.એન જી. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી કોલેજ દ્વારા ગુજરાત રાજ્યમાં પ્રથમ વખત પ્રાઈવેટ એકેડેમિક ડેટા સેન્ટર સાથે અત્યાધુનિક AI અને VFX લેબોરેટરી અંદાજિત એક કરોડના ખર્ચે શરૂ કરવાની ગૌરવપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. સંસ્થાના ડાયરેક્ટર ડો.લતેશ ચૌધરી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આ ડેટા સેન્ટર અને AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગુજરાતની શૈક્ષણિક ક્ષેત્રમાં ટેક્નોલોજી આધારિત એક ઐતિહાસિક પહેલ સાબિત થશે. RNGPIT હવે માત્ર કોમ્પ્યુટર એન્જિનિયરિંગ કે આઈ.ટી. પૂરતું મર્યાદિત નહીં રહી, પરંતુ કેમિકલ, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ અને સિવિલ એન્જિનિયરિંગ જેવા ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે AI આધારિત વિશેષ અભ્યાસક્રમો શરૂ કરી રહ્યું છે. સંસ્થાના પ્રમુખ બાબુભાઈ પટેલે જણાવ્યું કે અમારી સંસ્થાનું મુખ્ય ધ્યેય વિદ્યાર્થીઓને માત્ર ડિગ્રી પૂરતું શિક્ષણ નહીં પરંતુ ઈન્ડસ્ટ્રી ઓરિએન્ટેડ પ્રેક્ટિકલ નોલેજ, ઈનોવેશન સ્કીલ અને ભવિષ્યની ટેક્નોલોજીમાં નિષ્ણાત બનાવવાનું છે. વિદ્યાર્થીઓને હવે AI, ડેટા સાયન્સ, ક્લાઉડ કોમ્પ્યુટિંગ, રોબોટિક્સ અને VFX જેવી ભવિષ્યમુખી ટેક્નોલોજીમાં વૈશ્વિક સ્તરની તાલીમ પોતાના જ કેમ્પસમાં પ્રાપ્ત થશે.

## ‘ઘરજમાઈ આવ્યા છો, ભગાડતા વાર નહીં લાગે’ કહી યુવકને ફટકાર્યો

સોનગઢઃ સોનગઢ તાલુકાના પોખરણ ગામે સાસરીમાં ઘરજમાઈ તરીકે રહેતા યુવક પર બે સગા ભાઈએ લાકડી અને ઢીકામુક્કી વડે હુમલો કર્યો હતો. પોખરણ ગામના નિશાળ ફળિયામાં વર્ષ ૨૦૧૦ થી ઘરજમાઈ તરીકે રહેતા ૩૪ વર્ષીય બીપીનભાઈ ગામીતને ગત ૨૬ મેના રોજ રાત્રે ગામના જ નવીનભાઈ ગામીતે તમે અહીં ઘરજમાઈ આવ્યા છો, તમને ભગાડતા વાર નહીં લાગે તેમ કહી ધમકી આપી હતી.

આ અંગે પૂછપરછ કરવા ગયેલા બીપીનભાઈ, તેમની પત્ની દક્ષા અને સાસુ સવિતાબેન સાથે માથાકૂટ થઈ હતી. નવીનભાઈ અને તેમના મોટા ભાઈ સાકુભાઈએ વાંસના ડંડા તથા ઢીકમુક્કી વડે યુવક પર હુમલો કર્યો હતો. વચ્ચે પડેલી મહિલાઓ સાથે પણ ઝપાઝપી કરી આરોપીઓ જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. સોનગઢ પોલીસે બંને આરોપી ભાઈઓ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.


Milano MULTIPLEX

બારડોલી

Chand Mera Dill
10:00am, 04:00pm, 10:00pm

Shubh Mangal Dhamal
Gujarati - 03:00pm

Bhooth Bangla - 12:00pm

Dhabkaaro-Gujarati
07:00pm

Krishnavataram Part 1 - The Heart
01:00pm, 06:00pm, 09:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333


G20

### જાહેર હરાજી નિવિદા
### ગ્રામ પંચાયત ભૈરવ તા.કામરેજ, જિ. સુરત

આથી રસ ધરાવતા વેપારીઓને જાણ કરવામાં આવે છે કે, ગ્રામ પંચાયત ભૈરવ તા.કામરેજ જિ.સુરત સમાવિષ્ટ વિસ્તારમાં પંચાયત ઓફિસની બાજુમા આવેલ વોટરવર્કસ ઓવર હેડ પાણીની ટાંકી વર્ષો જુની જર્જરીત હાલતમાં છે જે પાણીની ટાંકી જાહેર હરાજી થી તેને તોડી જમીનદોસ્ત કરી કાટમાળ તથા નીકળે તે અન્ય સામગ્રી લઇ જવા માટે અને જગ્યા સંપુર્ણ ચોખ્ખી કરી આપવા સુધીના કામે જાહેર હરાજી નીચે જણાવ્યા મુજબની વિગતે રાખવામાં આવેલ છે જેમા સમયસર હાજર રહી હરાજીમાં ભાગ લેવા આથી જાહેર નિવિદા આપવામાં આવે છે.

હરાજીની તારીખ :- ૦૫/૦૬/૨૦૨૬

હરાજીનું સ્થળ :- ગ્રામ પંચાયત કચેરી, ભૈરવ તા. કામરેજ જિ. સુરત.

સમય :- સવારે ૧૧.૦૦ કલાકે

| | | |
|---|---|---|
| ગ્રામ પંચાયત ભૈરવ<br>તા. કામરેજ, જિ. સુરત<br>તા. ૨૭/૦૫/૨૦૨૬<br>મો. નં. ૯૮૨૫૧ ૩૭૩૪૧ | શ્રી કિશોરભાઇ એલ. પગી<br>તલાટી કમ મંત્રી<br>ગ્રામ પંચાયત ભૈરવ<br>તા. કામરેજ, જિ. સુરત | શ્રી રાજુભાઇ જગુભાઇ પટેલ<br>સરપંચશ્રી<br>ગ્રામ પંચાયત ભૈરવ<br>તા. કામરેજ, જિ. સુરત |

સત્યમેવ જયતે

(નાણાં મંત્રાલય, ભારત સરકાર)

### ઋણ વસૂલી અધિકરણ - II

ત્રીજો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, કોચરબ આશ્રમની પાસે, પાલડી, અમદાવાદ, ગુજરાત.

ફોર્મ નં. ૨૨ (પહેલા ૬૨) {ડીઆરટી રેગ્યુલેશન ૨૦૨૪ ના નિયમ ૩૫ અને ૩૬} (ઈન્કમટેક્ષ એક્ટ - ૧૯૬૧ના બીજા શિડયુલમાં નિયમ ૫૨(૧) (૨) જુઓ) બેંકો તથા નાણાંકીય સંસ્થાઓના બાકી લ્હેણાંની વસુલાતના ૧૯૯૩ ના કાયદા સાથે વંચાણે લેતા

**ઈ - હરાજી / વેચાણ નોટીસ** [THROUGH REGD.AD/DASTI/AFFIXATION/BEAT OF DRUM/PUBLICATION]

RP/RC NO. 177/2018 — OA No. 807/2016

| | |
|---|---|
| પ્રમાણપત્ર ધારણકર્તા | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા |
| V/s | |
| પ્રમાણીત દેવાદાર | શ્રી નિલેશ કાંતિભાઈ પટેલ (નારોલા) |

પ્રતિ,

સી.ડી. નં. ૧) :- શ્રી નિલેશ કાંતિભાઈ પટેલ (નારોલા), ૬૫, ડી.કે. નગર, કતારગામ, સુરત.
અને અહીં પણ : પ્લોટ નં. ૩ અને ૪, પંજરોલી, હાંસોટ, ભરૂચ.
સી.ડી. નં. ૨) :- શ્રી મનોજ કાંતિભાઈ પટેલ, ૬૫, ડી.કે. નગર, કતારગામ, સુરત અને અહીં પણ : પ્લોટ નં. ૩ અને ૪, પંજરોલી, હાંસોટ, ભરૂચ.
સી.ડી. નં. ૩) :- શ્રી પરેશ ધીરુભાઈ શંકર, ૩૦૪, ઉગમ એપાર્ટમેન્ટ, સરસ્વતી વિદ્યાલય, એ.કે. રોડ, કતારગામ, સુરત - ૩૯૫૦૦૮.

સદરહુ સીડી નં. ૧ થી ૩, OA No. 807/2016, તારીખ : ૨૦/૦૩/૨૦૧૮ ના ચુકાદાની શરતો મુજબ તા. ૨૮/૧૦/૨૦૧૬ ના રોજ વ્યાજ સહીત બાકી રકમ રૂા. ૨૬,૭૩,૯૦૯/- (રૂા. છવીસ લાખ તોતેર હજાર નવસો નવ પુરા) ચુકવવામાં નિષ્ફળ ગયા છે તેથી હાલની આ વેચાણ નોટીસ છે. મારા તા. ૩૦/૦૪/૨૦૨૬ ના હુકમ મુજબ, નીચે દર્શાવેલ મિલકતોનું જાહેર ઈ - હરાજી મારફતે વેચાણ નીચે જણાવેલ વિગતે કરવામાં આવશે. હરાજી વેચાણ “ઓનલાઈન ઈ-હરાજી” દ્વારા વેબસાઈટ https://baanknet.com મારફતે કરવામાં આવશે.

| લૉટ નં. | મિલકતનું વર્ણન | અનામત કિંમત (રાઉન્ડેડ ઓફ) | ઈએમડી ૧૦% અથવા (રાઉન્ડેડ ઓફ) |
|---|---|---|---|
| ૧. | તમામ ભાગ અને હિસ્સા સાથેનો બીન ખેતીલાયક ૪૫૩, પ્લોટ નં. ૧ અને ૨, રેવન્યુ સર્વે નં. ૧૮૪ અને ન્યુ સર્વે નં. ૫૪૩, મોજે - પંજરોલી, તાલુકો - હાંસોટ, જીલ્લો - ભરૂચ. | રૂા. ૬૭.૦૦ લાખ | રૂા. ૦૬.૭૦ લાખ |

નોંધ : ઈએમડી બેંકનેટ વોલેટમાં ઈ-ઓક્શન વેબસાઈટ દ્વારા જમા કરાવવાની રહેશે એટલે કે https://baanknet.com.

સૌથી વધુ બોલી લગાવનારને બેંકનેટ વોલેટમાં પહેલાથી ચુકવેલા ઈએમડીના સમાયોજન પછી, આગામી બેંક કાર્યકારી દિવસ સુધીમાં RTGS/NEFT દ્વારા નીચે મુજબની વિગતો મુજબ તેની અંતિમ બોલી રકમના ૨૫% રકમ જમા કરાવવાની રહેશે.

| | | | |
|---|---|---|---|
| લાભાર્થી બેંકનું નામ | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા | | |
| લાભાર્થી બેંકનું સરનામું | એસેટ રીકવરી શાખા, સુરત, તુલસી માર્કેટ, રીંગ રોડ, માન દરવાજા, સુરત - ૩૯૫૦૦૨. | | |
| લાભાર્થી ખાતા નં. | 798201980050000 | IFSC Code | UBIN0579823 |

૧. લૉટ નં. ૧ માટે બીડ વધારવાની રકમ રૂા. ૨૫,૦૦૦/-છે.
૨. સંભવિત પ્રસ્તાવકારો એ ઓનલાઈન તાલીમ મેળવવા માટે પીએસબી એલાયન્સ (BAANKNET ઓક્શન પોર્ટલ) (ટેલિ. હેલ્પલાઈન નં. +૯૧ ૮૨૯૧૨૨૦૨૨૦ અને શ્રી કશ્યપ પટેલ (મો : ૯૩૨૭૪૯૩૦૬૦), હેલ્પ લાઈન ઈમેલ આઈડી : upport.BAANKNET@psballiance.com નો સંપર્ક કરવો. મિલકતને લગતી માહિતી માટે શ્રી ભાવિક પંડ્યા, આસીસ્ટન્ટ મેનેજર, સંપર્ક નંબર. ૮૮૬૬૬૮૨૯૩૭ નો સંપર્ક કરવો.
૩. પ્રસ્તાવકારોને જણાવવાનું કે વધુ માહિતી અને શરતો તથા નિયમો માટે ઈ-હરાજી થી પ્રસ્તાવ મોકલતાં પહેલાં અને ઈ હરાજીની પ્રક્રિયામાં ભાગ લેતા પહેલાં વેબ સાઈટ : https://baanknet.com જોઈ જવી.
૪. સંભવિત બિડરોને હરાજી પુર્ણ થયા પછી તરત જ ૨૫% (ઈએમડી બાદ કરીને) અને હરાજીની તારીખ થી ૧૫ દિવસની અંદર ૭૫% અને જો ૧૫મા દિવસે રવિવાર કે અન્ય રજા હોય, તો પછી ના તરતના કાર્યકારી દિવસ સુધી રકમની ચુકવણીનું પાલન કરવાનું જણાવવામાં આવે છે. એક્સટેંશન માટેની કોઈપણ વિનંતીને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
૫. આ મિલકત “જ્યાં છે ત્યાં”, “જેવી છે તેમ” અને “જેમ છે તેમ” ના આધારે વેચાણ કરવામાં આવશે અને સંભવિત ખરીદનારને યોગ્ય રીતે પૂર્વ ખાતરી કરી લેવાનું જણાવવામાં આવે છે.
૬. ઈ-હરાજીની વિગતો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | મિલકતનું નિરીક્ષણ | ૦૯/૦૬/૨૦૨૬, સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ વચ્ચે |
| ૨. | ઈએમડી ની રકમ અને ચુકવણીના પુરાવા સહિત દસ્તાવેજો અપલોડ કરવાની છેલ્લી તારીખ | ૦૨/૦૭/૨૦૨૬, સાંજે ૫.૦૦ વાગ્યા સુધી |
| ૩. | ઈ - હરાજી ની તારીખ | ૦૩/૦૭/૨૦૨૬, બપોરે ના ૧૨.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી (ઈ - હરાજી સમાપ્ત થાય ત્યાં સુધી ૩ મિનિટની ઓટો એક્સટેન્સન સાથે) |

SEAL

(અનુભા દુબે)
રીકવરી ઓફિસર-I,
ઋણ વસૂલી અધિકરણ-II,
અમદાવાદ.

(વિવાદ ની સ્થિતીમાં અંગ્રેજી આવૃતિને માન્ય રાખવામાં આવશે)